Extra No. 31

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **FRIDAY, JANUARY 23, 2026 / MAGHA 3, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

આમુખ:

(૧) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના તા. ૨૦/૦૧/૨૦૨૬ના પત્ર ક્રમાંક: ટ્રાફિક/રોડ/જાહેરનામું/૧૦૫/૨૦૨૬

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું

નં.પી.ઓ.એલ.-૨/રસ્તો/ડાયવર્ઝન/જાહેરનામું/વશી/૯૩/૨૦૨૬ - આમુખ-(૧)ના પોલીસ અધિક્ષકશ્રી, સા.કાં.ના પત્રની વિગતે માર્ગ સલામતી માસ-૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે જિલ્લા કક્ષાની અંદોજે ૬ કી.મી.ની મેરેથોન દોડ સ્પર્ધાનું આયોજન તા.૨૫/૦૧/૨૦૨૬ના રોજ સવારે ૬/૦૦ થી ૧૧/૦૦ દરમ્યાન કરવામાં આનવાર છે. જે સ્પર્ધા દરમ્યાન સ્પર્ધકોને રોડ ઉપર વાહનોથી અડચણ ઉભી ના થાય અને સુચારૂ રૂપે વાહન વ્યવહાર ચાલુ રહે તેમજ અકસ્માત ન સર્જાય તે સારૂ પોલીસ હેડ ક્વાર્ટર્સ-પોસ્ટ ઓફિસ-ટાવર સર્કલ-મહાવીરનગર સર્કલ-છાપરીયા ચાર રસ્તા-મોતીપુરા તુલસી કોમ્પ્લેક્ષ- બસ સ્ટેશનથી પોલીસ હેડ ક્વાર્ટર્સ સુધીના માર્ગની ડાબી બાજુ વાહનો માટે બંધ કરી વાહનો જમણી બાજુ ડાયવર્ટ થાય તે રીતેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

વાસ્તે, હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કર છું..

-:: જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર અને વૈકલ્પિક રસ્તાનો રૂટ::-

પોલીસ હેડ ક્વાર્ટર્સ-પોસ્ટ ઓફિસ-ટાવર સર્કલ-મહાવીરનગર સર્કલ-છાપરીયા ચાર રસ્તા-મોતીપુરા તુલસી ફોમ્પલેક્ષ- બસ સ્ટેશન થી પોલીસ હેડ ક્વાર્ટર્સ સુધીના ડાબી બાજુવાળા માર્ગ પર તમામ નાના- મોટા વાહનોની અવરજવર પર પ્રતિબંધ (સદર માર્ગ પર વાહનો જમણી બાજુ ડાયવર્ટ કરવાના રહેશે.)

-:: જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો :-

આ હુકમ તા.૨૫/૦૧/૨૦૨૬ના રોજ સવારે ૦૬:૦૦ કલાક થી ૧૧:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

- :: જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો ::-

પ્રતિબંધિત માર્ગ પર તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરવામાં આવે છે.

-::જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ :-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા, હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.02.14 23:51:30 IST